ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૧ ટકા

# જિલ્લામાં આજથી છ દિવસીય બાળ ફિલ્મોત્સવનો આરંભ

## બાળ ફિલ્મોત્સવના પ્રથમ દિવસે બે હજાર બાળકોએ 'આઇ એમ અબ્દુલ કલામ' ફિલ્મ નિહાળી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં આજથી છ દિવસીય બાળ ફિલ્મોત્સવનો આરંભ થયો છે. બાળ ફિલ્મોત્સવના પ્રથમ દિવસે ગાંધીનગર જિલ્લાના ૮ સિનેમા ગૃહોમાં ધોરણ- ૬ થી ૮માં અભ્યાસ કરતાં ૨૦૦૦ બાળકોએ ' આઈ એમ અબ્દુલ કલામ' ફિલ્મ નિહાળી હતી.

આજે સમગ્ર ગુજરાત રાજયમાં બાળ ફિલ્મોત્સવનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લામાં બાળ ફિલ્મોત્સવને આજ રોજ ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના હસ્તે રાંધેજા ગામની હદમાં આવતાં સિને લોન્જ સિનેમા ગૃહથી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. બાળ ફિલ્મોત્સવના પ્રથમ દિવસે બાળકોને જીવનમાં પ્રેરણા મળી રહે અને કંઈક નવું કરવા પ્રોત્સાહિત કરે તેવી 'આઈ એમ અબ્દુલ કલામ' ફિલ્મ જ બતાવવામાં આવી હતી. આજે ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા આઠ સિનેમા ગૃહમાં સવારના પ્રથમ શોમાં આ બાળ ફિલ્મ બતાવવામાં આવી હતી. સરકારી શાળાના ધોરણ- ૬ થી ૮માં અભ્યાસ કરતાં બાળકોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક બાળ ફિલ્મ સાથે સાથે મલ્ટીપ્લેક્ષ સિનેમા ગૃહો પણ જોવાનો આનંદ માળ્યો હતો.

બાળકોને ફિલ્મ સાથે સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બિસ્કીટ આપવામાં આવ્યા હતા. તેમજ આઈનોક્સ કંપની દ્વારા પોતાના સિનેમા ગૃહમાં આવેલા બાળકોને ફિલ્મ સાથે પોપકોન આપવામાં આવ્યા હતા. તેમજ બાળકોને શાળાથી સિનેમા ગૃહ લઈ જવા – લાવવાની વ્યવસ્થા જિલ્લાના શૈક્ષણિક તંત્ર દ્વારા કરવામાં આવી હતી.





## @ગાંધીનગર

● ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ વ્યાયામ અને કલા સંઘ ગુજરાતની મીટીંગ સવારે ૧૦ કલાકે જવરાજ મેહતા ભવનની સામે, જુના સચિવાલય ગાંધીનગર ખાતે મળશે.

## વાતવાતમાં

● નવા સચિવાલયના બ્લોક નં. ૩ પાસે ગટર ચેમ્બરનું મેઈન હોલ તુટી જતા મોટો ખાડો પડવા સાથે રોડ પર પણ પોલાણ થવા પામ્યું છે. જો કે આ મેઈન હોલનું રિપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ખોદકામ કરવા માટે મોટા ઓટોમેટિક મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

● જિલ્લા કલેકટર સતીષ પટેલ હાલ રજા ઉપર છે. તેમના હોદ્દાનો ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈને સોંપવામાં આવ્યો છે.

● નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કિરણબેન પટેલ સીડીમાં પગથિયું ચુકી જતા તેમને પગે મચકોડ આવી છે. આ ઈજા અંગે તેમના પગે સારવારમાં પાટો બાંધવો પડયો છે.



લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સેકટર-૬માં આવેલ કિષ્ના વૃધ્ધાશ્રમમાં સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયોનેસ કલબની બહેનોએ વડીલો ભાઈ-બહેનો સાથે સમય વ્યતિત કર્યો હતો. જેમાં સુખ-દુઃખની વાતો કરી અને નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. વૃધ્ધાશ્રમમાં જીવન જરૂરીયાતની વસ્તુઓ આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ મિનાક્ષી જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણાએ ભારે જહેમત ઉઠાવી હતી. એરીયા ચેરપર્સન ચંદાબેન યાદવ અને મોટીસંખ્યામાં લાયોનેસ બહેનો હાજર રહી હતી.

# વૈકલ્પિક જગ્યા ફાળવ્યા વિના જિલ્લા ક્ષય કેન્દ્રને હટાવવા નોટિસ પાઠવાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં ઘણા વર્ષોથી કાર્યરત જિલ્લા ક્ષય કેન્દ્રને હટાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જિલ્લા ક્ષય કેન્દ્ર પાસે પોતાનું મકાન ના હોવાથી કેન્દ્રને કયાં લઈ જવું તે અંગે સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સરકારના ખૂબ અગત્યના કહેવાય તેવા આરોગ્ય વિષયક બે તંત્ર વચ્ચે તાલમેલના અભાવને કારણે સરવાળે દર્દીઓને સહન કરવાનો વારો આવશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

સિવિલ હોસ્પિટલ ખાતેના જી બ્લોકમાં કાર્યરત જિલ્લા ક્ષય કેન્દ્રને જીએમઈઆર સોસાયટીના ચીફ એકિઝકયુટીવ ઓફિસર દ્વારા હોસ્પિટલના ઈ, એફ અને જી બ્લોકનું ડિમોલિશન કરવાનું હોઈ સત્વરે કચેરી ખાલી કરવા નોટીસ આપી દેવામાં આવી છે. બીજી તરફ જિલ્લા ક્ષય કેન્દ્ર પાસે હાલ પોતાનું કાર્યાલય નથી તથા આ કેન્દ્ર પર ટીબીના એમડીઆર, એકસડીઆર તથા બીગ કવીલીન જેવી લાંબાગાળાની અનેક દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમાં દર્દીઓને દવાનું રિએકશન આવવું, દવાની આડઅસર થવી જેવી ગંભીર અસરો થવાની શકયતા રહેલી છે. વળી દર્દીઓના સાપ્તાહિક રિપોર્ટસ, ઈસીજી વગેરે પણ નિયમિત ચાલતા હોઈ જો અન્ય વૈકલ્પિક સગવડ નહીં થાય તો દર્દીઓના આરોગ્ય પર ગંભીર ખતરો પેદા થઈ શકે તેમ છે. આ સંજોગોમાં સિવિલ હોસ્પિટલ સંકુલમાં જ જિલ્લા ક્ષય કેન્દ્રની વૈકલ્પિક જગ્યા ફાળવાય તે જરુરી જણાય છે. આમ તંત્રના અણઘડ નિર્ણયોના પગલે ગરીબ દર્દીઓના માથે જોખમ તોળાવાની સ્થિતિ સર્જાવા પામી છે.

## ખ-૩ સર્કલથી વાવોલ તરફ જવાના માર્ગે સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી હાલાકી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં છેલ્લા કેટલાક સમયથી અમુક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની સમસ્યા રહીશોને સતાવી રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે આ માર્ગો પર ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગરના ખ માર્ગથી વાવોલ તરફ જવાના મુખ્ય માર્ગ પર જ સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની સમસ્યા જોવા મળી રહી છે. એક તરફ ચોમાસાની ૠતુ જામતી જતી હોવાથી તથા આ વિસ્તારમાં રખડતા કૂતરાં, ગાયો વગેરેની સમસ્યા હોવાને કારણે અહીંથી પસાર થતા વડિલ નાગરિકો, મહિલાઓ, બાળકો સહિતના રાહદારીઓ તથા વાહનચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રાત્રિના સમયે અહીંથી પસાર થવું નાગરિકો માટે જોખમરૂપ બનતું જાય છે. આ સંજોગોમાં ખ-૩ સર્કલથી વાવોલ તરફ જવાના માર્ગે સ્ટ્રીટ લાઈટોનું સત્વરે મરામત કામ હાથ ધરાય તેવી આ વિસ્તારના રહીશોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# શૈક્ષણિક સંઘના મૌન ધરણા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત વિભાગ સાથે બેઠક યોજાઈ હતી. જો કે આ બેઠક બાદ પણ વણ ઉકેલાયેલા પ્રશ્નો યથાવત રહેતા તાકીદે ઉકેલ લાવવા સંકલન સમિતિએ માંગ કરી છે.

જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ તા. ૩જી માર્ચ અને તા. ૩૧મી મેના રોજ રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણી, અગ્ર સચિવ સુનયના તોમર, શાળા નિયામક જે.ડી. દેસાઈ ઉપરાંત નાણાં વિભાગ, સામાન્ય વિભાગ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નક્કી કરાયેલા પ્રશ્નોનો પણ હજુ સુધી ઉકેલ આવ્યો નથી. ગ્રાન્ટેડ શાળાના ૯૦ હજાર શિક્ષકો તથા કર્મચારીઓ માટે પોલીસી બનાવી તાકિદે ઉકેલ લાવવા સંકલન સમિતિએ માંગ કરી છે. સંકલન સમિતિની માંગ મુજબના મુખ્ય ત્રણ પ્રશ્નોમાં સાતમા પગાર પંચનું ઝડપી અમલીકરણ કરવું, સરકારના તમામ કર્મચારીઓ તથા પ્રાથમિક શાળાના શિક્ષકોને ટ્રાન્સપોર્ટ એલાઉન્સનો લાભ આપવો તથા ગ્રાન્ટેડ શાળામાં આચાર્યની ૧ હજાર ખાલી જગ્યાઓ માટે ભરાતી પ્રક્રિયા સત્વરે હાથ ધરવા માંગ કરવામાં આવી છે. આ માંગનો ઉકેલ ના આવવાથી સંકલન સમિતિએ તબક્કાવાર કાર્યક્રમ ઘડી કાઢયો છે.



સંકલન સમિતિ દ્વારા ઘડી કાઢવામાં આવલ કાર્યક્રમમાં આવેદનપત્રો આપવાથી માંડીને ખેલ મહાકુંભનો બહિષ્કાર કરવો, બોર્ડની કામગીરીનો બહિષ્કાર કરવો, ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોનું માસ સીએલ પર ઉતરવું તથા જાહેર સભાઓ યોજવા સાથે મહારેલીનું આયોજનનો સમાવેશ થાય છે.

## વાગ્મિન બૂચની મુલ્કી સેવા ટ્રીબ્યુનલના સભ્ય તરીકે પુનઃ નિયુકિત

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ખાતે (સચિવશ્રી કક્ષાની જગ્યા) પર છેલ્લા ત્રણ વર્ષથી સભ્યશ્રી તરીકે નિયુકિત પામેલ શ્રી વાગ્મિન એચ. બૂચ (નિવૃત્ત અધિક સચિવ)ને તાજેતરમાં તેમનો ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં ફરીથી એકવાર ગુજરાત સરકાર દ્વારા સચિવશ્રી કક્ષાની આ જગ્યા પર પુનઃ નિયુકિત આપવામાં આવી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**દિવ્ય અશ્વિન ત્રિવેદી**
યુવા પ્રમુખ, અખિલ ભારતીય બ્રાહ્મણ વિકાસ પરિષદ

**ગાંધીનગર ગમે**

સ્વચ્છ રસ્તા, લીલીછમ ધરિણી, સર્વાંગી વિકાસના કાર્યક્રમો, પરસ્પર મદદકર્તા નાગરિકો અને સેવાની સુવાસને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

પર્વો, કલા, સંસ્કૃતિ, શિક્ષણ પ્રત્યે લગાવ અને પ્રેમ રાખનારા નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

બ્રહ્મસમાજ, સાહિત્ય સભા, પૅન્શનર મંડળ, કલા સંસ્થાઓ ગ્રો ફાઉન્ડેશન, જી ઈ ક્લબ, રૉટરી, લાયન્સ ક્લબ, પ્લગ-ઈન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય તથા કલ્ચરલ ફોરમ દ્વારા થતી અનેકવિધ પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા પ્રત્યે ધ્યાન આપવામાં આવે અને શહેરના વિકાસમાં યુવાવર્ગને કામે લગાડવામાં આવે તો શહેર અવશ્ય બહેતર બની શકે છે.

**નગર માટે હું કરી શકું**

યુવાવિકાસ કાર્યક્રમો માટે મારી સહાય આપવા તૈયાર છું.

## આર્ટ ઓફ લિવિંગ દ્વારા પ્રાણાયામ-ધ્યાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સ્વાસ્થ્ય પ્રેમી નાગરિકોનું નગર છે. શહેરમાં આખુ વર્ષ યોગ, પ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. આગામી તા. ૧૩મી જુલાઈથી શહેરના આર્ટ ઓફ લિવિંગના એકમ દ્વારા બે કલાકની ત્રિદિવસીય પ્રાણાયામ અને ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર સેકટર-૧૨માં બલરામ ભવન ખાતેના ભોંયરામાં દરરોજ સવારે ૬.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન યોજાશે. શિબિર તા. ૧૫મી જુલાઈ સુધી ચાલશે. જેમાં ગાંધીનગરના વરિષ્ઠ શિક્ષક સ્મિતાબેન પટેલ દ્વારા પ્રાણાયામ અને ધ્યાનનું પ્રત્યક્ષ સરળ અને સચોટ માર્ગદર્શન કરવામાં આવશે. આ શિબિરમાં ૧૩ વર્ષથી ઉપરની વયની કોઈ પણ વ્યકિત ભાગ લઈ શકશે. આર્ટ ઓફ લિવિંગની આ શિબિર માટે વધુ માહિતી મેળવવા મો.નં. ૯૪૨૮૫ ૯૫૯૬૧ અથવા ૭૪૩૩૦ ૧૧૬૭૧ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# પંચાયત સેવા કર્મચારી મહામંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય પંચાયત સેવા કર્મચારી મહામંડળની બેઠક તા. ૮મી જુલાઈના રોજ ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં મહામંડળના નવિન હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

નવ નિયુકત ગુજરાત રાજય પંચાયત સેવા કર્મચારી મહામંડળના હોદ્દેદારોમાં જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રકાશ બી. પટેલની પ્રમુખપદે, જિલ્લા પંચાયત અમદાવાદના રાજેશ ઉપાધ્યાયની ઉપપ્રમુખપદે, જિલ્લા પંચાયત



જામનગરના અને હાલ વિકાસ કમિશનર કચેરી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા રાજેશ ચેલાવતની મહામંત્રી પદે તથા જિલ્લા પંચાયત ગાંધીનગરના હિરેન પટેલની ખજાનચી પદે અને જિલ્લા પંચાયત હિંમતનગરના અજય સોનીની કન્વિનર પદે વરણી કરવામાં આવી છે. આ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. જેમાં સિનિયર કલાર્કની જગ્યા અપગ્રેડ કરી નાયબ ચીટનીસની કરવી તથા નાયબ ચીટનીસમાંથી વર્ગ-૨ની પરીક્ષા પાસ કરનારને ૫૬ માસનો સમયગાળો રાખવામાં આવ્યો છે તે રદ કરી તુરંત નિમણુંક આપવી તેમજ ઉચ્ચતર પગાર ધોરણ ૧૦-૨૦-૩૦ મુજબ આપવી તેવી માંગણી અંગે ઠરાવ કરવામાં આવ્યા હતા. આ બાબતે આગામી સમયમાં સરકાર સમક્ષ રજૂઆત કરી માંગણી રજૂ કરવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## પ્રણામી ધર્મના મહેર સાગરના ૪૦૦ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

પ્રણામી ધર્મની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'પ્રણામી વિશ્વ પરિષદ' દિલ્હી દ્વારા પ્રણામી ધર્મના મહાન પ્રવર્તક મહામતી શ્રી પ્રાણનાથજીની ચતુર્થ શતાબ્દી પ્રાગટય મહોત્સવની વિશ્વભરમાં ધામધૂમ પૂર્વક ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે મહામતી પ્રણીત મહેર સાગરના ૪૦૦ પાઠનું આયોજન આગામી તા. ૧૬મી જુલાઈના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સોમાભાઈ સુતરિયાના નિવાસસ્થાને, પ્લોટ નં. ૯૮/૨, સેકટર-૧૪ ખાતે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જયોતિ મહિલા મંડળે ગૌરી વ્રતની બાળાઓને વિશેષ ઉજવણી કરાવી






ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના જયોતિ મહિલા મંડળ દ્વારા ગૌરીવ્રતના પવિત્ર અવસરે સેકટર-૫ના પ્રેરણા વિદ્યાલય ખાતો શાસ્ત્રીજી નીલકંઠદાસજીના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રીજીએ બાળાઓને ગૌરીવ્રતનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે બાળાઓએ પણ 'ગૌરમાને પાંચે આંગળીએ પૂજયા' જેવા ગીતો ગાયા હતા. આ સાથે જયોતિ મહિલા મંડળ દ્વારા મહેંદી સ્પર્ધા, કેશગુંથણ સ્પર્ધા અને ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૦૦થી વધુ સંખ્યામાં બાળાઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચે બાળાઓને પ્રેરક સંબોધન કર્યુ હતું. જયારે શાળાના આચાર્ય મહેશભાઈ પટેલે આભારદર્શન પ્રગટ કર્યુ હતું. કાર્યક્રમમાં કિશ્નરીબેન દવે, કોકિલાબેન નાયકની વિશેષ ઉપસ્થિતિ રહી હતી જયારે સ્પર્ધામાં વિજેતા બાળાઓને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ઈનામો આપી સન્માનિત કરાઈ હતી.

## કુદરતી આપત્તિ સમયે અપાતી સહાયની ચૂકવણી ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર દ્વારા કરાશે

ગાંધીનગર, તા.૧૦

રાજ્યમાં કુદરતી આપત્તિ સમયે સ્ટેટ ડિઝાસ્ટર રીસપોન્સ ફંડ (SDRF) અને નેશનલ ડિઝાસ્ટર રીસપોન્સ ફંડ (NDRF)માંથી અપાતી વિવિધ સહાયની રકમની ચૂકવણી ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર (DBT) યોજના દ્વારા કરવામાં આવશે, તેમ મહેસૂલ વિભાગના એક ઠરાવમાં જણાવાયું છે.

ઠરાવમાં વધુમાં જણાવ્યાનુસાર તા.૧ એપ્રિલ ૨૦૧૭ થી રાજ્ય સરકારે DBT નો ઉપયોગ કરી SDRF અને NDRF અન્વયે અપાતી તમામ પ્રકારની સહાય જેવી કે, મૃત્યુ સહાય, જમીન-પાક નૂકશાન માટેની ઈનપુટ સબસીડી સહાય, નાના અને સીમાંત ખેડૂતોને સહાય, પશુ મૃત્યુ સહાય, માછીમારોને સહાય, રોકડ સહાય તેમજ મકાનને થયેલ નૂકશાન જેવી વિવિધ સહાય લાભાર્થીઓને DBT અન્વયે આપવાનું ઠરાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા તા.૧ જાન્યુઆરી-૨૦૧૩થી આધુનિક ટેકનીકનો ઉપયોગ કરી ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર (DBT) યોજના અમલી બનાવી છે, તેમ ઠરાવમાં વધુ જણાવાયુ છે.

## અવસાન નોંધ

ચંદ્રકાન્ત (ભીખાભાઈ) શિવાભાઈ પટેલ (માજી સરપંચ) મું. મોટા ઈસનપુરનું દુઃખદ અવસાન તા. ૧૦ જુલાઈને સોમવારના રોજ થવા પામ્યું છે. સદગતનું બેસણું આગામી તા. ૧૬ જુલાઈને રવિવારના રોજ ઉગમણા ભાગ કડવા પાટીદાર સમાજની વાડી ઈસનપુર મોટા ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. પરમાર મફાજી રૂમાલજી, ઉ.વ. ૭૦
- સ્વ. જાલુબેન હિંમતસિંહ રાણા, ઉ.વ. ૭૩
- સ્વ. મહેન્દ્રસિંહ સમરસિંહ વાઘેલા, ઉ.વ. ૪૮
- સ્વ. ફુલાભાઈ મલાભાઈ દંતાણી, ઉ.વ. ૮૦
- સ્વ. વિનોદભાઈ અમરતભાઈ દંતાણી, ઉ.વ. ૩૦